| | A. G. High School and G. & D. Parikh Higher Secondary School | | |
|---|---|---|---|
| | Navrangpura, Ahmedabad - 380 009. | | |
| | **Second Preliminary Examination : 2014** | | |
| | Date : 05-02-2014 | Std. : 12 | Marks : 100 |
| सा विद्या या विमुक्तये । | Day : Wednesday | Subject : Gujarati (SL) | Time : 3:00 Hrs. |

## SECTION : A

**નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમં ઉત્તર લખો :** **(03)**

1 શ્રુતિ કોમામાં કેમ ચાલી ગઈ ?

2. સંસ્થાને સૌથી પહેલું ભૂમિદાન કોણે કર્યું ?

3. ગાંધીજીએ ક્યો સત્યાગ્રહ કર્યો ?

**નીચેના વિધાનો માટે કારણો આપો :** **(03)**

4 લેખકના પત્ની લેખક પર નારાજ થઈ ગયા.

5. લેખકને અમેરિકન જીવન ગમે છે

6 ચંદ્ર અને ગ્રહો ટમકતા દેખાતા નથી.

**નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યોમાં લખો :** **(08)**

7. લેખકના મતે ગુલામોની કલંકકથા કોણે અને કઈ રીતે ધોઈ નાખી ?

8 ઘર કરતાં ઓફિસમાં નોકરી કરવાનું નોકર શા માટે ઈચ્છે છે ?

9. કેવા પુત્રને માતાપિતાની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવાનો અધિકાર મળતો નથી.

10 પ્રૌઢ પુરૂષે વ્યાપારીના વહાણ અને તરાપા વચ્ચે શો ફરક બતાવ્યો.

<u>**અથવા**</u>

10. ઍલના પુણ્ય પ્રકોપની કોના કોના પર અસર થઈ ?

**નીચેના પ્રશ્નોના ઉત્તરો આઠ-દસ વાક્યોમાં લખો :** **(10)**

11. વિદ્યાર્થીઓના જંગી સરઘસનું વર્ણન

12 સુહાસ દેસાઈને પત્ની અંગે કઈ બાબતોનો રંજ રહ્યા કરતો હતો ? એ પાછળ એની કઈ માન્યતા હતી ?

<u>**અથવા**</u>

12. ઇન્દ્રેશ્વરથી આશ્રમ નિબંધમાં લેખકને સૌથી શ્રેષ્ઠ અનુભવ ક્યો થયો તે જણાવો.

**નીચેના પ્રશ્નોના ઉત્તરો એક-એક વાક્યમાં લખો :** **(04)**

13. કવિનું તુંબડું કેવું પડ્યું છે ?

14 વગડામાં ફરતું ફરતું કોણ આવ્યું ?

15. વૃદ્ધ શા માટે છરી મંગાવે છે ?

16. કવિ નદીમાં મરજી મુજબ નાહવાનો આનંદ કઈ રીતે લૂંટે છે ?

**નીચેની કાવ્યપંક્તિને યોગ્ય વિકલ્પ દ્વારા પૂર્ણ કરો :** **(02)**

17 ઘરહીણાં ઘૂમે હજારો ઠોકરાતાં ઠેર ઠેર.............

- ને ગગન ચુમ્બી મહાલયો જન સૂના રહી જાય છે ?
- ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે.

18. ચાંદા સૂરજનું તેજ તજીને
    - કથીર સંગાથે મણિ તોળ મારે
    - આગિયા સંગાથે પ્રીત જોડ મા રે,

**નીચેના પ્રશ્નોના ઉત્તરો બે-ત્રણ વાક્યોમાં લખો :** **(06)**

19. શિયાળાના તડકાના સ્પર્શ વિશે કવિ શું કહે છે ?
20 પ્રથમ દુહામાં નારીનો મહિમા કવિ દ્વારા કઈ રીતે વર્ણવાયો છે.
21. કવિ ભારતીય નાગરિકને ગાફેલ થા હુશિયાર એમ શા માટે કહે છે ?

**અથવા**

21. નરસિંહ મહેતા પોતાને ભાગ્યશાળી શા માટે ગણે છે ?

**નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર સાતથી આઠ વાક્યોમાં લખો :** **(08)**

22. કવિ પ્રોતાને આનંદ આવે એવી કઈ કઈ પ્રવૃત્તિઓ કરે છે તે તમારા શબ્દોમાં લખો.
23 બીજું કાંઈ ન માગું માં કવિ પ્રભુ પાસે શું માગે છે ? તે દ્વારા તેઓ શું કરવા માગે છે ?

**અથવા**

23. સમાજમાં ચાલતો અવળો ન્યાય દર્શાવવા કવિ એ ક્યા ક્યા દૃષ્ટાંતો આપ્યા છે.

**SECTION : B**

**નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** **(03)**

24 શબનમ 25 ખડ
26 સરિતા **અથવા** વિહંગ

**નીચેના શબ્દોનો વિરોધી શબ્દ લખો.** **(03)**

27 શાપ 28 અનુકૂળ
29 તવરંગ **અથવા** વિરહ

**નીચેના શબ્દોની સંધિવિગ્રહ કરો :** **(03)**

30 પુસ્તકાલય 31 શ્રવણ
32 પર્યટન **અથવા** પ્રતિષ્ઠા

**નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :** **(03)**

33 પગે ચાલી વસ્તું વેચનાર
34 ધર્મ કે દેશ માટે બલિદાન આપનાર
35 ચારે દિશામાં વિજય
**અથવા** શિષ્યને ભણવા માટે અપાતી મદદ

**નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ આપી, વાક્ય પ્રયોગ કરો :** **(02)**

36 પેટ પર લાત મારવી.
37 મનમાં ગાંઠ વાળવી
**અથવા** નાક કપાઈ જવું.

**નીચે આપેલ કહેવતનો અર્થ સમજાવો.** **(01)**

38 જયાં જાય ઉકો ત્યાં દરિયો સૂકો.

<u>અથવા</u> ખાડો ખોદે તે પડે.

**સમાસ ઓળખાવો :** **(01)**

39. આમંત્રણ પત્રિકા.

40. કોઈ પણ બે દ્વિરુક્ત શબ્દ લખો. **(01)**

41 કોઈ પણ બે રવાનુંકારી શબ્દ લખો. **(01)**

## SECTION : C

**42. નીચે આપેલા ગંદ્યાશનો ૧/૩ ભાગમાં સંક્ષેપીકરણ કરો અને યોગ્ય શીર્ષક આપો.** **(05)**

વિકલાંગ માણસ જગતને ભારરૂપ છે એવી લાગણી અર્થહીન છે. ભારરૂપ જોવા જઈએ તો અસંખ્ય માણસો જડશે જે કેવળ પરોપજીવી જ નહિ, સમાજદ્રોહી પણ હોય છે. અપંગ વ્યક્તિની નિષ્ઠા અને સંકલ્પ શક્તિ હોય અને તેને યોગ્ય દોરવણી મળે તો સતત પુરુષાર્થ વડે સમાજની ઉત્તમ સેવા કરી શકે. અપંગની સેવા દ્વારા આપણા ઘણા સામાજિક ગુણો વિકસે છે. જીવન વિશેની આપણી સમજ વ્યાપક અને ઉદાર થાય છે. માનવતાની સામાજિક જીવનની આ કેળવણી તત્ત્વતઃ ધાર્મિક કેળવણી છે. આના સંસ્કાર ધાર્મિક ગ્રંથિઓ અને અન્ય પૂર્વગ્રહોને ઓગાળે છે. માનવતાના અભ્યાસથી આપણે પરમ પિતાનાં સાચા સંતાન થઈ શકશું. જે બીજાનાં દુઃખો જોતો નથી, જે બીજાની આરત સાંભળતો નથી, જે સંકટ ગ્રસ્તોની મદદે દોડી જતો નથી તે અપંગ છે.

**નીચે આપેલા પદ્યાંશનો ભાવાર્થ સ્પષ્ટ કરો :** **(08)**

43. પ્રતિજ્ઞા વિનાનું જીવન પાયા વિનાની ઈમારત જેવું છે.

44. પેખી ચલગત પારકી, અમથા અંતર બાળ
કરશે તે ફળ પામશે, તું તારું સંભાળ

**નીચેનું કાવ્ય વાંચી તેના પ્રશ્નોના ઉત્તર લખો :** **(05)**

શિખરું ઊંચા ને મારગ આકરા
    નાહિ કોઈ સાથ સંગાથ,
નહિ ત્યાં કેડી કે વાટ,
    ચઢવા ચડાણો તસુ તસું એકલાં શિખરું........
લિયે એ મારગ ન કોઈ બંકડાં,
    છોડી આળ ને પંપાળ
રાખી રામૈયો રખેવાળ,
    કાચી રે છાતીનાં બેસે તાકતાં શિખરું.......
ચડે એ ઊંચે જે માંહે ડૂબતા,
    જેને આતમનો સંગાથ,
એનો ઝાલે હરિવર હાથ,
    પંડ ને ખૂંપે તે પ્રીતમ પામતાં શિખરું

<u>પ્રશ્નો :</u> 45. કવિના મતે શિખરો પર ચડવાનું શા માટે મુશ્કેલ છે ?
46. ઊંચા શિખરોનો માર્ગ કેવા પ્રકારના માણસો લઈ શકે ?
47. 'ચડે એ ઊંચે જે માંહે ડૂબતાં' એમ કવિ શા માટે કહે છે ?
48. શ્રી હરિ કોને મદદ કરે છે ?
49. પ્રીતમને પામવાનો અધિકાર કોને મળે છે ?

## SECTION : D

**પ્રશ્ન. નીચેના આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૨૦૦ શબ્દોમાં આપેલા મુદ્દાઓને આવરીને નિબંધ લખો : (ગમે તે એક)** **(08)**

50 **<u>સમાજમાં કન્યા કેળવણીનું મહત્ત્વ :</u>**

કેળવે તે કેળવણી - અભણ સ્ત્રીને પડતી મુશ્કેલી નિવારણ આકસ્મિક સંજોગોમાં કેળવણી આશીર્વાદ રૂપ - બૌદ્ધિક વિકાસ કુટુંબમાં મદદરૂપ - પોતાના સંતાનના વિકાસમાં ફાળો - કલ્પના ચાવલા - ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જેવાં દૃષ્ટાંત.

<u>અથવા</u>

**<u>આજની યુવા પેઢી :</u>**

પ્રસ્તાવના : વર્ષો પહેલાં સંયુક્ત કુટુંબો - આદર ભાવ - માન - મર્યાદા જરૂરિયાતો પર અંકુશ - આજની કુટુંબ ભાવના - જવાબદારી નિભાવવાની ત્રેવડ નથી - તૂટેલી કુટુંબ વ્યવસ્થા.

<u>અથવા</u>

**<u>વસંતનો વૈભવ :</u>**

વસંતના વધામણા - વન ઉપવનમાં પાંગરતું યૌવન - હર્ષોલ્લાસભર્યું માનવજીવન - વસંત એટલે નવજીવનનો સંચાર - વસંતની અનોખી બહાર

**51. નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખી ઉચિત શીર્ષક આપો.** **(04)**

વૃદ્ધ સ્ત્રી - આંખે અંધાપો આવવો - ડૉક્ટરની સારવાર - દેખતી થાય ત્યારે ડૉક્ટરની ફી આપવાની શરત - સારવાર માટે ડૉક્ટરનું રોજ ઘરે આવવું - કિંમતી ચીજવસ્તુંઓની ઉઠાંતરી - વૃદ્ધ સ્ત્રીનો અંધાપો દૂર થવો - ઘરમાંથી ચોરીનો ખ્યાલ આવ્યો - ફી માટે ડૉક્ટરની માગણી - આપવાની ના - અદાલતમાં દાવો - વૃદ્ધ સ્ત્રીની દલીલ - દેખતી હોઉં તો ઘરની કિંમતી ચીજવસ્તુઓ કેમ જોઈ ન શકું ? વૃદ્ધ સ્ત્રીની તરફેણમાં ચુકાદો.

**નીચેની પંક્તિઓનો વિચાર-વિસ્તાર કરો :** **(04)**

52. વિદ્યા પુસ્તકમાં અને પર કબજામાં ધન,
ભીડ પડે કામ નાંવે એ વિદ્યાને ધન ?

53 નગુણે વાસ ન રાખીએ સગુણાની પત જાય
ચંદન પડ્યું ચોકમાં, ઈંધણ મૂલ અંકાય.

**નીચે આપેલ સૂચના અનુસાર પત્ર લખો :** **(04)**

સુરતથી શિવાંગ ભટ્ટ નાનાભાઈ નિલાંગને અભ્યાસ સાથે વ્યાયામનું મહત્ત્વ સમજાવતો પત્ર લખે છે.

●●●